ગાંધીનગર સમાચાર

તા. ૧૬-૨-૨૦૧૫, સોમવાર

### તંત્રી સ્થાનેથી....

# સ્વાઈન ફ્લુને નાથવા જનજાગૃતિ અનિવાર્ય

રાજ્યમાં દિન-પ્રતિદિન સ્વાઈન ફ્લુનો ઉપદ્રવ વધતો જાય છે. આજ સાંજ સુધીના આંકડાઓ પર નજર કરીએ તો ૧૬૦૦-૧૭૦૦ જેટલા કેસ નોંધાયા છે અને ૧૫૦ની આસપાસ મૃત્યુનો સત્તાવાર આંકડો પહોંચી રહ્યો છે. સમગ્ર રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી સ્વાઈન ફ્લુનો આતંક વધતો જાય છે. સમગ્ર વહીવટીતંત્ર હરકતમાં આવી ગયું છે. રોજેરોજ મુખ્ય સચિવ અને આરોગ્ય વિભાગના ઉચ્ચ સચિવ સ્થિતિની સમીક્ષા કરે છે. સર્વેલન્સની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે. આમ છતાં વકરતો સ્વાઈન ફ્લુ રાજ્યના જનજીવન માટે શિરદર્દ બન્યો છે. આરોગ્ય તંત્ર પ્રયાસ જરૂર કરે છે પરંતુ હજુ પણ સ્વાઈન ફ્લુના વિકરાળ સ્વરૂપને નાથવામાં ક્યાંક ને ક્યાંક તંત્ર ઉણુ ઉતરે છે.

સ્વાઈન ફ્લુ માટે એવું કહેવાય છે કે ઉપચાર કરતા સાવચેતી વધુ જરૂરી છે. બેવડી ઋતુના કારણે સ્વાઈન ફ્લુ વકર્યો છે એ હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી. દિવસનુ મહત્તમ તાપમાન ૩૦ થી ૩૫ ડિગ્રી હોય અને લઘુત્તમ તાપમાન પણ ૧૫ ડિગ્રીની આસપાસ હોય ત્યારે શરદી, ખાંસી, વાયરલનો ઉપદ્રવ વધે છે તેમ આરોગ્ય વિજ્ઞાન કહે છે. આ વર્ષે તાપમાનનો આ ગાળો લાંબા સમય સુધી રહ્યો હોવાથી સ્વાઈન ફ્લુનો પ્રસાર લાંબા સમય સુધી રહ્યો છે. સ્વાઈન ફ્લુને નાથવા માત્ર તંત્ર જ પ્રયાસ કરે એ પર્યાપ્ત નથી અને માત્ર તંત્રથી આ ઉપદ્રવ અંકુશમાં આવે તેમ માનવું પણ અતિશયોક્તિ ભરેલુ છે. તંત્રની સાથોસાથ સમાજે પણ જાગૃત બનવાની આવશ્યકતા છે.

સ્વાઈન ફ્લુના વધતા ઉપદ્રવ સામે કેટલીક વ્યક્તિગત અને સામુહિક જવાબદારી પણ પ્રજાએ નિભાવવી અનિવાર્ય છે. ઠંડી-ગરમીની બેવડી ઋતુના કારણે શરદી, કફ, ખાંસી સહજ રીતે વધે છે. ત્યારે તાત્કાલિક તબીબી માર્ગદર્શન મેળવી વિલંબ વિના ઉપચાર શરૂ કરવો જોઈએ. ખાંસી-શરદીની સહેજ પણ શરૂઆત થાય ત્યારે ભીડભાડવાળી જગ્યાએ જવાનુ ટાળવુ જોઈએ. જાહેર સ્થળો પર સામુહિક કાર્યક્રમોમાં માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. આયુર્વેદિક ઉકાળાનું વિતરણ વ્યાપક સ્વરૂપે સ્વૈચ્છિક સંસ્થાઓ અને જ્ઞાતિ સમાજોએ કરાવવુ જોઈએ. દેશી ઉપચારો દ્વારા પણ આ રોગચાળાના આરંભાતા લક્ષણો સમયે જ ડામવો જોઈએ. આમ સામાજિક જવાબદારીના ભાગરૂપે તમામ સ્વૈચ્છિક સંસ્થાઓએ તંત્ર સાથે ખભેખભા મિલાવીને જનજાગૃતિનું કામ કરશે તો સ્વાઈન ફ્લુને નાથવામાં જરૂર સફળતા મળી શકે તેમ છે.

### હરિની દૃષ્ટિ...




તું બંધ થા..., જીતી ગ્યા એવી બૂમો ... અમારે પાડવાની હતી... પણ પેલો મફલર વાળો... !!

# જિલ્લાની ચિંતન શિબિર સંપન્ન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓની બે દિવસીય ચિંતન શિબીર કલોલ તાલુકાના અલુવા હિલ ખાતે યોજાઇ હતી. ચિંતન શિબિરના પ્રથમ દિવસે જિલ્લાના અધિકારીશ્રીઓનું રજીસ્ટ્રેશન, ટીમોનું ગઠન અને પરસ્પર પરિચયવિધીનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિંતન શિબીરમાં એચ.ડી.આઇના માપદર્શક મુદ્દાઓ જેવા કે, આઇ.એમ.આર, એમ.એમ.આર, પોષણ અને ધોરણ-૯માં ડ્રોપ આઉટ રેસીયા અંગે જિલ્લામાં એક વર્ષના લક્ષ્યાંક અને એકશન પ્લાનનું પ્રેઝન્ટેશન જિલ્લા આંકડા અધિકારી શ્રી એન.જી.પટેલ અને જિલ્લા આયોજન અધિકારી શ્રી ડી.આર.દવે અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એચ.ડી.આઇ.ના માર્ગદર્શક મુદ્દાઓ પર તમામ ટીમોએ વિષયને સંબંધિત અવરોધતા પ્રૌ, નીતિ વિષયક લાંબાગાળાની પડતર બાબતો અને તેના ઉકેલ બાબતની જૂથ ચર્ચા કરી હતી. થયેલ જૂથ ચર્ચાઓના મુખ્ય મુદ્દાઓનું જૂથવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

ચિંતન શિબીરના સમાપન સમારંભમાં જિલ્લા કલેકટર શ્રી



ચિંતન શિબિરના પ્રથમ દિવસે અધિકારીશ્રીઓના ઉત્સાહમાં વધારો કરવા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ચિંતન શિબિરના પ્રારંભે કલોલ પ્રાંત અધિકારી શ્રી વી.જી.કાલરિયાએ સ્વાગત પ્રવચન કરીને ચિંતન શિબિરની ભૂમિકા વ્યક્ત કરી હતી. જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, પ્રકૃતિની નજીક સુંદર વાતાવરણમાં સાથે રહી હળવાશ સાથે આપણી સરકારી ફરજની ભૂમિકા, જિલ્લાના વિકાસ માટે સામૂહિક ચિંતન કરીએ એ આ શિબિરનો આશય છે. તંત્ર પાસે લોકોની ઘણી અપેક્ષાઓ હોય છે, અનેક પ્રકારની પરિસ્થિતિઓ, પડકારો વચ્ચે સરકાર અને લોકો વચ્ચે આપણે સેતુ રૂપ ભૂમિકા નિષ્ઠાથી બજાવવાની હોય છે.

ચિંતન શિબીરના બીજા દિવસે શિબીરનું ઉદ્દઘાટન નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી.મોડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. સમાપન સમારંભ જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

ચિંતન શિબીરના બીજા દિવસે નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી.મોડિયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા ગતિશીલ ગુજરાતના ભાગરૂપે રાજયના તમામ જિલ્લાઓમાં તાલુકા અને જિલ્લા કક્ષાની ચિંતન શિબીરનું સુચારું આયોજન કરવામાં આવે છે. આ ચિંતન શિબીર થકી જિલ્લાના અધિકારીશ્રીઓ એકબીજા સાથે આત્મીયતાથી જોડાશે. આજની ચિંતન શિબીરમાં ચાર ટીમ પાડીને જિલ્લાના વિકાસકામોની મહત્વપૂર્ણ બાબતો પર મુક્તમને જૂથ ચર્ચા કરશે.

વેપારી જેમ ગ્રાહકને ભગવાન સમજે છે, તેમ આપણા માટે અરજદાર ભગવાન છે, તેવું કહી તેઓશ્રીએ સરકારી કામગીરીમાં જવાબદારીની સાથે પ્રાપ્ત થતાં આત્મસંતોષની અનુભૂતિ વિશે વાત કરી હતી. સર્વ અધિકારીઓને પોતાની ફરજ પૂરેપૂરી નિષ્ઠા અને સંકલ્પ પૂર્વક અદા કરવા જણાવ્યું હતું.

વધુમાં તેઓશ્રીએ સર્વ અધિકારીશ્રીઓને ફરજ દરમ્યાન એવી છબી ઉભી કરીએ કે નિવૃત્તિ બાદ પણ લોકો આપણને યાદ કરે અને લોકમાનસમાં સરકારની કામગીરીની સારી છાપ ઉભી કરવામાં સફળ બનીએ, તો નોકરી કાર્યકાળ સાચા અર્થમાં સાર્થક થશે.

એમ.એસ.બારડે રજૂ કર્યું હતું

તે ઉપરાંત દરેક સ્કુલમાં શૌચાલય, પીવાના પાણી, કોમ્પ્યુટર લેબની વ્યવસ્થા, સ્માર્ટ સ્કુલ શરૂ કરવાના લક્ષ્યાંકો, ગામોમાં ૧૦૦ ટકા ટપક સિંચાઈના લક્ષ્યાંકો અને આયોજન, મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન અને નિર્મળ ગુજરાત અન્વયે ગ્રામ્ય જિલ્લા વિસ્તારની સફાઇ વ્યવસ્થા માટેનો રોડ મેપ તૈયાર કરવા, મહિલાઓ સંચાલિત દૂધ સહકારી મંડળીઓનું લક્ષ્યાંક અને આયોજન જેવા તાલુકા વિસ્તારના ફલેગશીપ કાર્યક્રમ માટેના એક વર્ષના લક્ષ્યાંક અને એકશન પ્લાનનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશન જિલ્લા ગ્રામ વિકાસ



એજન્સીના નિયામક શ્રી જયશ્રીબેન દેવાંગણ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ખેતી અધિકારી શ્રી મહાવીરસિંહ વાઘેલા, જીજીઆરસીના અધિકારી શ્રી યોગેશ પટેલ અને જિલ્લા રજીસ્ટ્રાર અધિકારી શ્રી ઉર્વશીબેન બ્રહ્મભટ્ટ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ટાઈમ અને સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષય પર શ્રી સુરેશ મશરૂવાલાએ પોતાની આગવી શૈલીમાં દૃષ્ટાંત પૂર્વક પોતાના ટાઇમ અને સ્ટ્રેસનું મેનેજમેન્ટ કેમ કરવું તથા હળવા કઇ રીતે રહેવું તેની વાત કરી હતી.

બપોરબાદ જિલ્લાના અધિકારીશ્રીઓની રચવામાં આવેલી ચાર ટીમો દ્વારા અલગ અલગ વિષય પર જૂથ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કર્મયોગી ટીમ દ્વારા મહેસુલ પર, વિકાસ ટીમ દ્વારા વિકાસના કામો, રક્ષાશક્તિ ટીમ દ્વારા કાયદો-વ્યવસ્થા અને ગતિશીલ ટીમ દ્વારા

રવિશંકરે જણાવ્યું હતું કે, ચિંતન શિબીરમાં આપણે સૌ રોંજિંદી કામગીરીમાંથી મુક્ત બનીને અહીં મળ્યા છીએ. તેમણે સર્વ અધિકારીશ્રીઓને કચેરીના કામકાજની સાથે સાથે શારિરીક ક્ષમતા માટે નિયમિત કસરત કે વોકીંગ કરવાની વાત પર ખાસ ભાર મુક્યો હતો. જેનાથી કામ કરવાની ક્ષમતામાં શું ફરક આવે છે, તેની પણ વિસ્તૃત વાત કરી હતી. કામકાજ સાથે સાથે પરિવારને પણ પુરતો સમય આપવા અને બાળકોના અભ્યાસ તથા કારકિર્દી પર જરૂરી ધ્યાન આપવા પણ જણાવ્યું હતું.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, સરકારી કામગીરીમાં થોડોક કામનો સ્ટ્રેસ અનુભવાય છે, પણ પગારનો સ્ટ્રેસ હોતો નથી. ખાનગી નોકરીમાં નોકરીની નિશ્ચિતતા, પગાર અને કામ એમ ત્રણેય સ્ટ્રેસ વધતા ઓછા પ્રમાણમાં રહે છે. પોતાના હોદ્દાને મહત્વ ન આપી પોતાને સોપાયેલ જવાબદારીને પુરી નિષ્ઠા, સારી રીતે અને ઉત્સાહ પૂર્વક કરવા પણ જણાવ્યું હતું. તેમજ કામમાં ચોકસાઇ રાખવાથી થતાં ફાયદાઓની દૃષ્ટાંત પૂર્વક વાત કરી હતી.હળીમળીને એક પરિવારની ભાવનાથી ટીમ વર્કથી સરસ રીતે કામ કરવા જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને જણાવ્યું હતું કે, રોજિંદી કામગીરી દરમ્યાન અનેક જગ્યાએ પ્રૌ આપને થતાં હોય છે, તેનું નિરાકરણ આવી ચિંતન શિબીરમાં મળી રહે છે. તેમજ રોજિંદી કામગીરીમાં કોઇ પ્રૌ અથવા વિચાર આવે તો તેને અલગ નોંધ કરી તેના પર મનોમંથન કરવા અને ઉકેલ મળે તો તેની રજૂઆત ઉચ્ચ અધિકારીશ્રીને કરવા પણ જણાવ્યું હતું. તેમણે અધિકારીશ્રીઓને નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરીને કામને સરળ બનાવવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

ચિંતન શિબીરના બીજા દિવસનો આરંભ યોગથી થયો હતો.કાર્યક્રમના અંતે આભારવિધી જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિશાબેન શર્માએ કરી હતી.

આ બે દિવસીય ચિંતન શિબીરમાં તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કાળુજી ઠાકોર, કલોલ પ્રાંતઅધિકારી શ્રી વી.જી.કાલરિયા,ગાંધીનગર પ્રાંતઅધિકારી શ્રી સુધીરભાઇ પટેલ, નાયબ કલેકટર શ્રી ગુણવંતસિંહ સોંલકી સહિત જિલ્લાના અધિકારીશ્રીઓએ ભાગ લીધો હતો.

## પાટીદાર યુવાનોને પોલીસ ભરતીમાં માર્ગદર્શન આપવા નિ:શુલ્ક કોચીંગ ક્લાસ

ચિલોડા, તા. ૧૫

ગુજરાત રાજ્યમાં પોલીસ દળમાં ભરતી ચાલી રહી છે. આ ભરતીમાં પોલીસ રીક્રુટમેન્ટ બોર્ડ દ્વારા હાલ શારીરિક પરીક્ષા લેવાઈ રહી છે. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારની લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં પાટીદાર યુવાનોને માર્ગદર્શન આપી મદદરૂપ થવા માટે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા અમદાવાદની યુસીડીસી સંસ્થાના માધ્યમથી ફ્રી કોચીંગ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોચીંગ ક્લાસમાં પાટીદાર સમાજના યુવાનોને આ પરીક્ષામાં ઉત્તિર્ણ થવા ઉપયોગી નીવડે તેમ છે. આ કોચીંગ ક્લાસમાં નામ રજીસ્ટ્રેશન કરાવવા માટે યુસીડીસીના ચેરમેન આર. પી. પટેલ, સરદાર પટેલ સેવા દળ અથવા ૪૨/૮૪ કડવા પાટીદાર યુવા ફાઉન્ડેશનના મહામંત્રી ઉર્વેશ પટેલનો મો. ૯૫૫૮૧૭૪૬૬૮ પર સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું છે.

## આજે શિવકથામાં હનુમાનજીનો પ્રાગ્ટ્યોત્સવ

ગાંધીનગર, તા. ૧૫

સેકટર-૬ ખાતે પૂજય કનૈયાલાલજી મહારાજના વ્યાસાસને શિવ મહાપુરાણ કથામાં આવતીકાલે તા. ૧૬-૨-૧૫ને સોમવારના રોજ શ્રી હનુમાનજી મહારાજનો પ્રાગ્ટ્યોત્સવ ઉજવાશે. આ ઉપરાંત મંગળવાર તા. ૧૭-૨-૨૦૧૫ના રોજ મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ભગવાન શિવજીના વિવાહ ઉત્સવ ભારે ધામધૂમથી ઉજવાશે. બંને ઉત્સવોનો લાભ લેવા નામ નોંધાવવા કથા મંડપમાં ભાવેશભાઈ વ્યાસનો સંપર્ક કરવા જણાવાયું છે.

## સેક્ટર-૩૦ ઝૂલેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રી મનાવાશે

ગાંધીનગર, તા. ૧૫

સેક્ટર-૩૦ ઝૂલેલાલ - સાંઇબાબા મંદિર ખાતે મહાશિવરાત્રીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. સાંઇબાબા મંદિરમાં બિરાજેલ ઝૂલેશ્વર મહાદેવની પૂજા-અર્ચના કરવામાં આવશે.

૧૭મી ફેબ્રુઆરીના રોજ દેશમાં મહાશિવરાત્રીનું પર્વ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે ત્યારે ગાંધીનગર શહેરમાં પણ દેવાધીદેવ મહાદેવના જન્મ દિવસને ધામધૂમથી ઉજવાશે. સેક્ટર-૩૦ ઝૂલેશ્વર મહાદેવની પૂજા-અર્ચના કરવામાં આવશે. આખો દિવસ વિવિધ ધાર્મિક કાર્યક્રમો બાદ સાંજે ૬.૩૦ વાગે મહાદેવજીની ૧૦૮ દીવડાની મહાઆરતી યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને દર્શનનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

**રક્તદાન મહાદાન**

## ગોવર્ધનનાથજી હવેલીનો પાટોત્સવ યોજાયો

સેક્ટર-૨૧માં આવેલ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે પાટોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં વ્રજલતા બેટીજી ઉપસ્થિત રહ્યા હતા. શહેરના સેક્ટર-૨૧માં આવેલી શ્રીજી શ્રી ગોવર્ધનનાથજી ભગવાનનો ત્રિ-દિવસીય પાટોત્સવ યોજાયો હતો. તા. ૧૧ થી ૧૩ દરમિયાન હવેલી ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજલતાબેટીજી ઉપસ્થિત રહ્યા હતા. ૧૧મીએ પાટોત્સવ, ૧૨મીએ સવારે ૧૦ વાગે નંદમહોત્સવ (પલનામા) તિલક દર્શન યોજાયો હતો. વ્રજલતા બેટીજીએ વચનામૃતનું રસપાન અને શયનમાં હોરીહોરા મનોરથ કરાવ્યો હતો.

# કૌટુંબિક તકરારોના નિકાલ માટે ફેમીલી કોર્ટ જરૂરી છે

### મહિલા સમાજ અને કાયદા

- ડો. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે ધી ફેમીલી કોર્ટસ એકટ, ૧૯૮૪ અંગે માહિતી મેળવી રહયા હતા. અનેક લોકોને કૌટુંબિક તકરાર સંદર્ભેની અલગ અદાલત એ દ્રષ્ટિકોણ સમાજના હિતમાં યોગ્ય લાગે છે. અગાઉ એવું હતું કે દિવાની અને ફોજદારી કેસો જે અદાલતમાં ચાલતા તેજ અદાલતમાં ભરણપોષણની અરજીઓ, સર્ચ વોરન્ટની અરજીઓ તેમજ અન્ય કુટુંબને લગતી કાનુની તકરારોને સંદર્ભે કેસો ચાલતા. એવું જોવા મળતું કે જે જગ્યાએ જુગલ ધારાના આરોપીઓ હોય કે દારૂના કબજા માટેના કેસ હોય અથવા તો કોઈપણ ફોજદારી ધારા અંતર્ગત ચાલતા કેસોના આરોપીઓ હોય તેની સાથે જ એક ભરણપોષણ મેળવનાર મહિલાને બેસવાનું થતું. આ બાબતોને લઈને પણ કેટલાક સામાજિક પ્રશ્નો પણ ઉભા થતા એવું પણ જાણવા મળેલ. ફેમીલી કોર્ટ સ્વતંત્ર રીતે અસ્તીત્વમાં આવતા એક રીતે જોઈએ તો, કૌટુંબિક તકરારોના નિકાલ માટે આપણને વિશેષ રીતે કામગીરી થતી જોવા મળે છે.

ફેમીલી કોર્ટની સ્થાપના અંગે આપણે ચર્ચા કરી. ખાસ વિશેષ હકીકત એટલે ફેમીલી કોર્ટ અંતર્ગત કાઉન્સિલર્સની જે નિમણૂંક થાય છે તે અગત્યની બાબત છે. દરેક કેસમાં ફેમીલી કોર્ટના જજ બંને પક્ષકારોને એકલા બોલાવીને કાઉન્સેલીંગ પણ કરે છે. ઉભા થયેલા વિવાદની વૈકલ્પિક નિવારણ પદ્ધતિમાં બંને પક્ષકારોને આપવામાં આવતું કાઉન્સેલીંગ ખૂબ મોટો ભાગ ભજવે છે. જયારે જજ સાહેબ પોતે બંને પક્ષકારોને વારાફરથી એકલા મળે અને ત્યારબાદ બંને પક્ષકારોને સાથે બેસાડવામાં આવે તો તે રીતે કૌટુંબિક તકરારમાં અને ખાસ કરીને પતિ-પત્નિ અને બાળકો અંગેની તકરારમાં ખૂબ સારૂ પરિણામ જોવા મળે છે. વિશેષમાં અઠવાડિયાના કોઈ નિશ્ચિત દિવસ તમામ પક્ષકારો માટે કન્સીલેશન સંદર્ભે નિશ્ચિત કરવામાં આવે છે. આ માસ કન્સીલેશનના સમયે શહેરના સ્વૈચ્છિક સંસ્થાના ખાસ કરીને કુટુંબ સલાહ કેન્દ્ર સાથે જોડાયેલા અને ખાસ તાલીમ પામેલા કાઉન્સીલરોને પણ નિમંત્રિત કરવામાં આવે છે. ફેમીલી કોર્ટની હકૂમત બાબતો જોઈએ તો,

હકૂમત

૧. તત્કાલીન પૂર્વતમાન કોઈપણ કાયદા હેઠળ લગ્ન વિષયક તકરાર સંદર્ભેના દાવાઓ તેમજ કુટુંબને લગતી કોઈપણ તકરાર અને કાર્યવાહી હોય તે બાબતમાં કોઈપણ ડિસ્ટ્રીકટ કોર્ટ અથવા કોઈપણ તાબાની સિવિલ કોર્ટ જે હકુમતનો ઉપયોગ કરે તેવી બધી જ હકુમત ફેમિલી કોર્ટને રહેશે અને તે તેનો ઉપયોગ કરશે.
૨. આ કાયદા હેઠળ, આવી હકુમતનો ઉપયોગ હેતુ સારું ફેમિલી કોર્ટ ડિસ્ટ્રીકટ કોર્ટ છે તેમ માનશે અથવા તો ફેમિલી કોર્ટની હકુમત જે વિસ્તાર સુધી વિસ્તરે છે તે વિસ્તારની સબોર્ડીનેટ સિવિલકોર્ટ છે તેમ મનાશે.

નીચેના કોલમમાં જણાવેલા દાવાઓ અને કાર્યવાહીઓ નીચેના સ્વરૂપના દાવાઓ અને કાર્યવાહીઓ છે, જેવા કે :-

૧. લગ્નના પક્ષકારો વચ્ચેની નલિટી ઓફ મેરેજ વિષેના (લગ્નને રદ બાતલ જાહેર કરતા અથવા તેને રદ કરતા જેમ હોય તેમ) અથવા લગ્ન હક્કોનું પુનઃસ્થાપન વિષેના અથવા ન્યાયિક વિયોજન અથવા લગ્ન વિચ્છેદ વિષેના દાવાઓ અને કાર્યવાહીઓ :
૨. લગ્નની કાયદેસર માન્યતા અથવા તો કોઈ વ્યકિતને મેટ્રીમોનીઅલ (લગ્નવિષયક) સ્ટેટસ અંગેની જાહેરાત કરતો દાવો અથવા કાર્યવાહી :
૩. લગ્નના પક્ષકારોની મિલકત અંગેના અથવા તો કોઈ આવેશ કે મનાઈ હુકમ ને લગતો દાવો કે કાર્યવાહી :
૪. લગ્ન સંબંધથી ઉત્પન્ન થતાં સંજોગોને લગતા કોઈ આદેશ કે મનાઈ હુકમને લગતો દાવો કે કાર્યવાહી :
૫. કોઈ વ્યકિતને ઔરસતાની જાહેરાત અંગેના દાવો કે કાર્યવાહી
૬. ભરણપોષણ માટેનો દાવો કે કાર્યવાહી :
૭. કોઈ સગીર વ્યકિતના વાલીપણા વિષેનો અથવા તેની કસ્ટડી અથવા એસેસ વિષેનો દાવો કે કાર્યવાહી.

આ કાયદાની અન્ય જોગવાઈઓ આધીન, ફેમિલી કોર્ટને નીચેની હકૂમત રહેશે અને તે તેનો ઉપયોગ કરશે :

૧. ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ (૧૯૯૪ નો નં. ૨) ના પ્રકરણ-૯ (પત્નિ, બાળકો અને મા-બાપના ભરણપોષણ માટેનો આદેશ વિષે) હેઠળ પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટથી વાપરી શકાય તેવી હકૂમત, અને
૨. અન્ય કોઈપણ કાયદાથી તેને આપવામાં આવેલ આવી કોઈ હકૂમત.

હકૂમત બાબતની આપણે વાત કરી રહયા છીએ જયારે હજી તાજો જ એક કિસ્સો યાદ કરુ તો,

કાયદાના સંશોધનના એક વિદ્યાર્થીને મળવાનું થયું. બાળકોના અધિકારો અંગેના રાષ્ટ્રીય સેમિનારમાં પીડિત, શોષિત અને સંજોગોના ભોગ બનેલા બાળકો અંગેના મારા અનુભવો અંગે જવાનું થયેલ કાયદા વિદ્યાશાખાના એક સંશોધન કરતા ભાઈએ સવાલ કર્યો કે ફેમીલી કોર્ટમાં મોટાભાગની તકરારો એ ભરણપોષણના દાવાઓ છે, લગ્નના હક પુરા કરવા સંદર્ભેના દાવાઓ છે અને પતિ અને પત્નિ વચ્ચે છુટાછેડા સંદર્ભ અંગેના દાવાઓ છે, પરંતુ મિલકત વિષયક દાવાઓ નહિવત પ્રમાણમાં છે. બાળકોના વાલીપણા અને કબજા અંગેના દાવાઓ છે પરંતુ બાળકોની રક્ષણાત્મક બાબતો સંદર્ભેના દાવાઓ લગભગ નહિવત છે અથવા તો છે જ નહીં. પ્રશ્ન પુછનાર ફેમીલી કોર્ટ સંદર્ભે પોતાનું સંશોધનપત્ર તૈયાર કરી રહયા છે.

પ્રશ્ન પુછનાર વ્યકિતની બાબત અંગે વિચારીએ તો કેટલીક બાબતો સત્ય લાગે છે. જેમ કે, પતિ અને પત્નિ બંને કોઈપણ કારણસર એકબીજાથી છુટા પડી જાય છે. પત્નિ એમ જણાવે કે પતિને કાઢી મુકેલ છે અને પત્નિ ભરણપોષણ મેળવવાની અરજી ફેમીલી કોર્ટમાં દાખલ કરે છે. પતિ એમ કહે છે કે પત્નિને મનની અસ્થિરતા છે તે કારણે તેણીના માતાપિતા જાતે આવીને તેડી ગયેલ છે. મમતા અને અંકુરના લગ્ન જીવનની તકરાર સંદર્ભેના અનેક કેસો, અનેક અદાલતોમાં ઉભા થયેલ છે.

મમતા અને અંકુર વચ્ચે કયા કયા કેસો ઉભા થયા છે ? અલગ અલગ અદાલતોમાં ઉભા થયેલા કેસો ફેમીલી કોર્ટમાં ટ્રાન્સફર થઈ શકે ખરા ?............. મળીએ આવતા અંકે...